# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

**Jain Professor યોજના**

**લેખક**


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

## Jain Professor યોજના

Teachers are the guiding star of any institute and more experienced and qualified the teachers are, the more excellent will their students be.

આજનું બાળમાનસ ટી.વી. અને Video-Internet દ્વારા Social Media માં સતત વ્યસ્ત છે. તેની માનસિકતા દિન-પ્રતિદિન ખરાબ થતી જાય છે. બાળકોના સંસ્કરણ કરવામાં ઘણા માતા-પિતાઓ પણ નિષ્ફળ થતા જણાય છે. ૧૫-૨૦ વર્ષના બાળકોને માતા-પિતા કંઇ પણ કહી શકતા નથી. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો પણ બધે પહોંચી શકતા નથી. અને ૧૫-૨૦ વર્ષના બાળકો ઉપાશ્રયમાં તો શું ? દેરાસરમાં પણ ધીમે ધીમે આવતા બંધ થયા છે ત્યારે નવી પેઢીને બચાવવી ખૂબ જરૂરી છે. તે માટે આજની ભાષામાં Jain Tatva with story સમજાવી શકે તેના logic પણ બતાવવામાં આવે તો જૈન ધર્મમાં બાળકને રસ પડે તેથી તેવા સારા Professor ને તૈયાર કરવાની હાલ તાતી જરૂર છે. જેમ આજનો યુવાન કોમર્સ-સાયન્સ-એન્જીનિયર કે બીજી લાઇનમાં જાય છે. તેમ આ કાળમાં સૌથી બધી રીતે ઉપયોગી લાઇન એટલે Jain Professor લાઇન છે. તે અંગે વિચારણા કરવી છે. આજના બાળકને કઇ લાઇન લેવી તે ખબર નથી હોતી. અત્યારે તો તે ભાગ્યા કરે. આ લેખમાં Jain Professor ની લાઇન કેમ સારી તે બતાવવામાં આવે છે.

જૈન સંઘમાં જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો અને ગૃહસ્થોની વચ્ચેની કડી એટલે Jain Professor. તેને તૈયાર કરનાર મહેસાણા-તપોવન-નાકોડાદિ સંસ્થાઓ છે. જેઓ વર્ષોથી ધાર્મિક પંડિતોને તૈયાર કરી રહી છે. સમયની સાથે દરેક સંસ્થાઓમાં

બદલાવ આવી રહ્યા છે. આવા ધાર્મિક શિક્ષકો તૈયાર કરવા તે ખૂબ જ જરૂરી અને મહત્વનું કામ છે. જો ભવિષ્યની પેઢી સારી તૈયાર કરવી હશે તો નાનપણમાં નાના બાળકોને વ્યવસ્થિત તૈયાર કરવા પડે. તે માટે તેઓના Coach સારા Well trained હોવા જોઇએ. તેઓનો અભ્યાસ-આવડત અને ઉત્સાહ સદા વ્યવસ્થિત રહે તે રીતે તૈયાર કરવા જોઇએ.

આ યોજનાની વિગત જણાવું છું. આ યોજનામાં ભણનારની પાસે કોઇપણ Fee લેવામાં આવતી નથી. સ્કૂલ-કોલેજ-ટ્યુશનની જેમ અત્રે સારા પૈસા વાલી પાસેથી લેવાય છે. તેમ આ યોજનામાં એક પણ રૂપિયો Fee લેવાતી નથી.

૧) સ્કૂલ અને કોલેજમાં ભણવા માટે તથા ટ્યુશન માટે ૧૫ થી ૨૦ લાખનો ખર્ચ સામાન્યથી થાય. જ્યારે સંસ્કૃત પાઠશાળામાં Zero ખર્ચ આવે.

૨) સ્કૂલ-કોલેજમાં બુટ-નોટબુક-Stationery સાથે ડ્રેસ વગેરેનો ખર્ચ થાય. જ્યારે આ બધુ પ્રાયઃ સંસ્થા તરફથી ભેટ મળે.

૩) School bus વગેરે દ્વારા ખર્ચ Extra થાય જ્યારે આ સંસ્થામાં રહેવાનું હોવાથી આ ખર્ચ પણ બાળકના વાલીને આવતો નથી.

૪) બાળક ઘરે રહે તેથી રહેવા કે જમવાનો ખર્ચ પણ લાગે જ્યારે આ સંસ્થામાં તેઓને પ્રેમથી રાખે છે. જમાડે છે.

૫) સ્કૂલ/કોલેજવાળા Donation વગેરે પણ લે છે જ્યારે આ સંસ્થાઓ સ્કોલરશીપ ભણવા સાથે આપે છે.

૬) ભણ્યા પછી કોલેજ બાદ સર્વિસ માટે શોધવું પડે જ્યારે આ ક્ષેત્રમાં ત્રણ-પાંચ વર્ષમાં તો અભ્યાસ થાય તે જીવન

ઉપયોગી અને Interesting પણ હોય છે. ભણ્યા બાદ ઘણા સ્થાનોમાં ગોઠવી શકાય.

**Income ની દૃષ્ટિએ :** Jain Professor બનેલ વ્યક્તિને હમણાં સારામાં સારી Income without investment થી મળે છે. જો સારો અભ્યાસી હોય તો મહિને ૧ થી ૨ લાખ રૂપિયા પણ કમાઇ શકે તેમ છે. વળી વારે-તહેવારે ધાર્મિક શિક્ષકોનું શહેરોમાં બહુમાન થતું હોય છે. સંઘ સારા અભ્યાસી શિક્ષકોનું વિશિષ્ટ અભિવાદન કરતાં હોય છે અને સલાહ પણ લેવાય છે.

**લગ્નાદિનો પ્રશ્ન :** Jain Professor બનેલ વ્યક્તિની સાથે લગ્ન કરનારને પ્રાયઃ Safety ની અનુભૂતિ થાય છે. વારંવાર છૂટાછેડાદિની લટકતી તલવાર વચ્ચે સારા સજ્જન Jain Professor કદાચ વિશ્વાસનું પાત્ર બને છે.

**Personal Life :** Jain Professor ની Personal life માં પણ શાંતિ-સમાધિ પ્રાયઃ જળવાય છે. ઘરમાં પ્રસન્નતાનું વાતાવરણ સર્જાય. બીજાના કલ્યાણમિત્ર બને છે. ઘણા વ્યક્તિઓ સલાહ લેવા તેઓ પાસે આવે છે અને સાચી સમજણ મેળવે છે.

Jainism – Indian religion teaching a path to spiritual purity and enlightenment through disciplined non-violence to all living creatures.

કોલેજમાં C.A., M.B.A., Engineer થનાર કેટલા અને નાપાસ થનાર કેટલાં ? જ્યારે બાકી Fail થનારાની શું હાલત થાય. જ્યારે ધાર્મિક શિક્ષકોમાં ખાસ હરિફાઇ નથી. Jain Professor ઓછા છે પણ ભણનાર વધુ છે. તેથી સારામાં સારા શિક્ષકોની demand ખૂબ જ છે. તેથી આ લાઇન ખાસ પસંદ

કરવા જેવી છે. જો જૈન સંઘના સમજુ યુવાનો આ લાઇન લે તો જૈન સંઘની મોટામાં મોટી સેવા કરી કહેવાય.

### Jain Professor ફાયદાઓની ઝલક :

૧) વ્યવસ્થિત રીતે તૈયાર થયેલ શિક્ષકો દ્વારા અનેક પાઠશાળાઓ ધબકતી બને.

૨) વિશિષ્ટ અભ્યાસી થયેલ ધાર્મિક શિક્ષકો પૂ. સાધુ-સાધ્વીજીને ભણાવી શકે.

૩) જૈન પ્રોફેસરની પોતાની બુદ્ધિ-પ્રતિભાના કારણે આસપાસના સંઘોની પાઠશાળાને ઇનામાદિ અન્ય વ્યવસ્થા ગોઠવી આપે. આમ એક પાઠશાળાના મુખ્ય શિક્ષક હોવા છતાં આજુબાજુની પાઠશાળાને પણ develop કરે છે. જો અનુકૂળતા હોય તો પંડિતજી આજુબાજુ પાઠશાળામાં પણ આયોજન ગોઠવીને તે પાઠશાળાના બાળકોનો વિકાસ કરવા પ્રયત્ન કરે.

૪) પાઠશાળાના બાળકોનો યાત્રા-પ્રવાસ-સ્પર્ધા તથા દર રવિવારે સમૂહ સામાયિક બાળકોનું રાખવું જોઇએ. ભાયંદરમાં એલર્ટ ગ્રુપનું સમૂહ સામાયિકનું આયોજન વર્ષોથી ચાલે છે.

૫) જો Jain Professor સારા વક્તા હોય તો અનેક નવા વક્તાને તૈયાર કરે, પાઠશાળામાંથી સારા વક્તા દુનિયાને મળે.

૬) સ્થાને સ્થાને દરેક સંઘોમાં તપોવન જેવું વાતાવરણ ઉભું કરવું. વ્યવસ્થિત તૈયાર થયેલ વ્યક્તિ પોતાના સંઘમાં અથવા આજુબાજુના મોટા સંઘમાં પણ અષ્ટપ્રકારી પૂજાદિ કરાવી શકે.

૭) Jain Professor જો કોઇક વિષયોનો વિશેષ અભ્યાસી હોય

તેઓએ Special ક્લાસ ગોઠવીને સંઘનાં ભાઇ-બહેનોને ધાર્મિક અભ્યાસમાં જોડવા જોઇએ. એમાંથી વળી કોઇક વૈરાગી બનીને વિરતિધર પણ બની શકે.

૮) કોઇ બોર્ડિંગમાં ગૃહપતિ અથવા ધાર્મિક શિક્ષક બનીને ૧૦૦ જેટલા બાળકોનું સંસ્કરણ પણ Jain Professor કરી શકે.

૯) કોઇ તીર્થ સ્થાનમાં ઉનાળો-દિવાળીની વેકેશન શિબિર પણ કરાવી શકાય. એક સાથે ઘણા બધા બાળકોનું સંસ્કરણ વેકેશનમા થઇ શકે. શિબિરો અનેક બાળકોને જૈન રૂપે ટકાવી રાખવાનું શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે.

૧૦) Jain Professor ઘણા લેખક પણ બની શકે તો જુદા જુદા વિષયો ઉપર લેખો જુદા જુદા મેગેઝીનમાં મોકલી શકાય.

૧૧) જો પ્રોફેસરનો અવાજ સારો હોય તો બીજાને પણ ભાવના ભણાવતા અથવા સંગીતના ક્લાસ દ્વારા ભક્તિમાં જોડે.

૧૨) પોતાના સંઘના સભ્યોને વર્ષમાં એકવાર જાત્રા કરવા લઇ જઇ શકે. જેમાં શાસ્ત્રના સિદ્ધાંતનું ચુસ્ત પાલન થઇ શકે.

૧૩) આજુબાજુના ૧૦-૧૫ કિ.મી.ના અંતરે જે સંઘ હોય ત્યાં ગ્રામપ્રવાસ ગોઠવી આખા દિવસનો વિવિધ કાર્યક્રમ કરાવવો જોઇએ. જેમાં નાના-મધ્યમ-વૃદ્ધોને અનુલક્ષીને જુદા જુદા કાર્યક્રમ બનાવી શકાય.

૧૪) જો શક્ય હોય તો ધાર્મિક-પૂજા-પૂજનો બાળકોને શીખવાડવા જરૂરી છે. માંડલુ કાઢવું-ડેકોરેશન કરવું – રંગોળી – ગહુંલી વગેરે બધું અભ્યાસનું આર્ટ શીખવાડાય તો બાળકોનો ઉલ્લાસ વધે.

૧૫) પંડિતો પર્યુષણમાં જેમ બહાર જાય છે તેમ શાશ્વતી ઓળીમાં

પણ જવું જોઇએ. પર્યુષણના આઠ દિવસમાં જે મોહાલ બને છે તેવો જ માહોલ ઓળીમાં પણ થઇ શકે.

૧૬) આમ કોઇપણ ખર્ચા વિના – જો હવે પ્રોફેસરની લાઇન લેવાય તો ઘણા ફાયદા થઇ શકે છે. જે વ્યક્તિ જૈનધર્મમાં રુચિવાળા હોય તેને તો ખાસ આ લાઇન માટે પ્રયત્ન કરવો જોઇએ. બધી રીતે આ લાઇન ઉપયોગી છે. સંસારની દૃષ્ટિએ માન મળે, સંપત્તિ મળે, સમજણ મળે, સ્ટ્રેસ હીન જીવન બને, આલોક-પરલોક બન્ને સારા બને, લોકોને ધર્મનો બોધ મળે, લોકોના જીવન પરિવર્તન થાય. આવા અનેક ફાયદાઓ આ લાઇનમાં છે તેથી યોગ્ય કરવું જરૂરી છે.